સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

'હાસ્ય', તો - સંબંધોના રણમાં હવે લુપ્ત થઈ ગયું,
નિખાલસ વાતોનું વ્હાલપ હવે, ગુપ્ત થઈ ગયું!
મૃત થઈ ગયું ચૈતન્ય જરે ધબકતું રગે-રગમાં
ઉભરાતું ઉમળકે જે હૈયું-સુષુપ્ત થઈ ગયું...

હાઈકુ

ધરાતું 'નો'તું
જે હૃદય મિલનથી -
તૃપ્ત થૈ ગયું!?

વહેતી વાણી -
તરબોળ સ્નેહથી -
સૂકાઈ ગઈ!

ચિંતન

એતદર્થ કુલીનાનાં નૃપાઃ કુર્વન્તિ સંગ્રહમ્ ।
આદિમધ્યાડ્વસાનેષુ ન ત્યજન્તિ ચ તે નૃપમ્ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલિમાંથી લેવામાં આવેલ છે.

રાજાઓ સારા કુલીન વ્યક્તિઓને પોતાના પાસે એટલે રાખે છે કે તેઓ રાજાની ઉન્નતિના સમયે અને વિપત્તિના સમય પર સાથ છોડતા નથી.

રાજપુરુષ મહત્ત્વપૂર્ણ પદો પર ઉત્તમ કુળવાળા વ્યક્તિઓને નિયુક્ત કરે છે. કારણ કે તેમનામાં ઉચ્ચ સંસ્કારો અને સારી શિક્ષા હોય છે. તેઓ રાજાનો સાથ સંકટ આવવા પર નથી છોડતા. નીચ કુળ વાળા વ્યક્તિ સ્વાર્થ સિદ્ધ થવા પર દલ બદલ કરે છે.

સુવિચાર

- હમ કુછ નહીં માંગને જાતે હૈં, હમકુછ બાતેં કરને જાતે હૈં,
  યૂં તો દિલ મેં રહતે હૈં ભગવાન, પર હમ શુક્રિયા કહને ચલે જાતે હૈ - **તખતસિંહ**
- જયાં આસક્તિ હોય ત્યાં આક્ષેપો થયા વગર રહે જ નહીં,
  એ આસક્તિનો સ્વભાવ જ છે - **દાદા ભગવાન**
- વખાણે મલકવું નહીં ને નીંદા એ ડરવું નહીં - **હીના કુલાલ**
- 'સમજણ' એટલે વ્યક્તિ બે વિચાર 'એક' - **અમૃતબિંદુ**
- બુદ્ધિશાળીઓને શ્રદ્ધાનું તળિયું ના જડે,
  તરતા રહેવું અને દરિયાની ઊંડાઈ માપવી એ બે ના બને! - **ભૂપત વડોદરિયા**
- ખામોશીની એક ભાષા હોય છે,
  એ ભાષા પાસે શબ્દકોશના દરેક શબ્દ ફીકા પડે છે - **કિશ્નકાંત ઉનડકટ**
- આજનું ઔષધ : અજમાને પીસી તેમાં ચપટી સંચળ પાઉડર ઉમેરી અડધું લીંબુ ઉમેરી ચાટી જવાથી ગેસ અને આફરામાં તરત રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

સોચ કો ઈતની મત છેડો કે સોચ ગરહી હો જાયે. વિચારો ધીમે ધીમે એક ખાડો ખોડતા હોય છે અને જો વિચારો લંબાતા જાય તો આ ખાડો ઊંડોને ઊંડો બનતો જાય છે. એક વખત એવો આવે છે કે એ ખાડામાંથી બહાર જ આવી નથી શકાતા. એક માણસ ફિલોસોફર પાસે ગયો. અને કહ્યું, 'હું મારી અંગત બાબત વિશે નિર્ણય લેવામાં સક્ષમ નથી રહ્યો.' ફિલોસોફરે કહ્યું, 'તમે તમારો વિચાર એટલો બધો ઘૂંટ ઘૂંટ ન કરો કે તે વિચાર કાળો થઈ જાય. વિચાર કાળો થઈ જશે તો એમાં કોઈ પોઝીટીવીટી જ નહીં રહે. તમારો લેવાનો નિર્ણય હું લઈ ન શકું. નિર્ણય તો તમારે જ લેવો પડે. હું તમને કહીશ એમ તમે કરશો અને એ સાચું પડ્યું તો તમે મને યશ આપશો, અને જો ઉલ્ટું પડશે તો તમે મને દોષ આપશો. આ બંને સંજોગોમાં તમે તમારી જાતને કંઈ આપી જ નહીં શખો. નક્કી કરો તમે ખુદ. નિર્ણય સાચો પડે તો યશ ખુદે જ લેવો અને નિર્ણય ખોટો પડે તો સમજવું કે તમારામાં એટલી તો તાકાત હતી કે તમે એ નિર્ણય ભલે સાચો કે ખોટો લઈ તો શક્યા છો. નિર્ણય બાદ સમય, સંજોગો, પરિસ્થિતિ અને બીજા ઘણાં પરિબળો કામ કરતાં હોય છે. એના કારણે દુઃખી થવું, એ પોતાની જાતને કોસવી, અફસોસ કરવો કે રોદણાં રડવા વ્યાજબી નથી હોતા. લડાઈ લડશો તો કદાચ જીતશો અને કદાચ હારશો પણ લડશો જ નહીં તો હાર નક્કી છે. શરણાગતિ એ હારનો જ એક પ્રકાર છે.' માણસને સત્ય સમજાયું અને નિર્ણય લેવાની તાકાત વધી.

હવે રસીની આયાત કરવા ભારત પણ મજબૂર

તંત્રીસ્થાનેથી...

ભારત કયારેક ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીના હબ તરીકે જાણીતો દેસ હતો. આજની તારીખે તે 'કોરોના હબ' તરીકેની 'કુપ્રતિષ્ઠા' મેળવી ચુકેલ છે. સરકારના સ્તરે સરકાર અને પ્રજાના સ્તરે પ્રજા - બેઉ બુડથલ સાબિત થયાં છે. જે ચીનમાં કોરોના વાઈરસે સૌ પ્રથમ દેખા દીધી હતી એ આજે કડેધડે છે. એનો જીડીપી કૂદકે ને ભૂસકે નવી ઊંચાઈઓ આંબી રહ્યો છે. ભારત દુનિયા આગળ ડહાપણ અને શાણપણના ઉપદેશ આપવામાંથી જ ઊચું ન આવ્યું. એને કોરોના સામે ઝીંક ઝીલવામાં સરિયાણ નિષ્ફળતા સાંપડી છે એ હવે કોઈથી અજાણ્યું નથી. વસતિનું કીડીયારું બની રહેલ ગરીબ દેશ એની હેસિયત બહાર કૂદાકૂદ કરતો રહ્યો અને ઘર આંગણે એક અદના વાઈરસ આગળ હાંફી ગયો. હવે જયારે પરિસ્થિતિ કાબૂ બહાર ચાલી ગઈ છે ત્યારે લોકડાઉન કે કર્ફ્યૂથી કોઈ ફેર પડશે નહીં એની પ્રતીતિ પણ નેતાઓથી લઈ નોકરશાહોને થઈ ચૂકી છે. એક પછી એક નેતા કોરોનાગ્રસ્ત થઈ હોમ આઈસોલેશનમાં જઈ રહ્યા છે. જાણે મોટું પરાક્રમ કર્યું હોય એમ ટ્વિટ કરીને આખી દુનિયાને જાણે કહે છે કે હું પણ 'પોઝિટિવ' થઈ ગયો છું! પોઝીટિવ નેતાઓ, નોકરશાહો અને જેમના નામે સત્તાના તાગડધિન્ના શક્ય બન્યા છે એ ગંગામૈયામાં ડૂબકીઓ દઈને એ પવિત્ર જળને પણ કોરોનાગ્રસ્ત કરનારા સાધુસંતો પાસે આ મહામારીને મારી હઠાવવાનો કોઈ મંત્ર નથી બચ્યો. રસીકરણમાં જ દેશ અને દુનિયાને તરણોપાય વરતાઈ રહ્ય છે. ચીન જેવી બેશુમાર વસતિ માટે એ કારગત નીવડ્યો છે. અમેરિકા-યુરોપ સહિતના 'સંપન્ન દેશો'એ એનો જ આશ્રય લીધો છે. ભારતમાં તો રસી ઉત્પન્ન કરનાર ફાર્મા કંપનીઓની બોલબાલા છે. પુણેની સીરમ ઈન્સ્ટિટ્યુટ દુનિયાની સૌથી મોટી રસી ઉત્પાદક ફાર્મા કંપની છે. પરંતુ રસીના ડોઝનું વિક્રમ ઉત્પાદન કરવા માટે જરૂરી કાચો માલ અમેરિકાથી આયાત કરવો પડે છે. કંપનીના સીઈઓ આદર પૂનાવાલાએ અમેરિકાના પ્રમુખને એ માલ પરનાં નિયંત્રણો હટાવવા વિનંતી કરી છે. શરુ શરુમાં ભારતના વડાપ્રધાને ઉદાર હાથે રસીની દુનિયાભરમાં લહાણી શરુ કરી દીધી. બધા દેશો આશાભરી નજરે ભારત સામે જોતા હતા અને ભારત એનો સાનુકૂળ પ્રતિસાદ પણ પાઠવ્યું હતું. ભારતે અન્ય દેશોમાં અપાતી રસીઓનો ભારતમાં ટ્રાયલ થયા પછી જ મંજૂરી આપવાનો કડક રવૈયો અપનાવ્યો હતો. હવે એ અભિગમ બદલવો પડ્યો છે અને દુનિયાભરમાં ટ્રાયલ બેઝ પર ચાલતી રસીઓ માટે ભારતે હાથ ફેલાવ્યા છે. આવા યુ-ટર્ન પાછળ શું કારણ હશે ? દેખીતું છે કે દેશની વસતિના પ્રમાણમાં વેકસીનું ઉત્પાદન ઓછું પડે છે. આથી હવે વિદેશોમાં પ્રચલિત રસીઓ અને ટ્રાયલ બેઝ પર ચાલી રહેલી રસીઓ પણ ભારતમાં મળી રહેશે. આખરે રસીકરણ જ એકમાત્ર ઉપાય હોય ત્યારે જયાંથી જે મળે તે મેળવી લેવામાં કશું ખોટું પણ નથી. એવું તો નથી જ કે ભારત કરતાં વિદેશી રસી ઊતરતી કક્ષાની હોય. રશિયાના સર્વોચ્ચ નેતા પુનિતે પોતાના દેશની રસી સ્પુતનિક જાતે લઈને દુનિયા સમક્ષ એની ગુણવત્તાનો સંદેશ પહોંચાડ્યો હતો. ફાઈઝર કંપની તો વિશ્વ વિખ્યાત ડ્રગ પ્રોડ્યુસર છે. ઈંગ્લેન્ડમાં એ કારગત નીવડી હોય, રાણી એલિઝાબેથ ૧૦૧ વર્ષની ઉંમરે એ લઈ શકતાં હોય તો ભારતની ગરીબડી પ્રજાને એ અપાવવામાં શો વાંધો ? સવાલ વધુ પડતા આત્મવિશ્વાસનો અને ગણતરી વગરના આયોજનનો છે. આપણે જેના પ્રવેશ સામ આડો હાત ધરી રાખ્યો હતો એને જ હવે સાદર સ્વાગતમ્ કહી સ્વીકારી રહ્યા છીએ!

આફત એ પાર્ટ ઓફ લાઈફ હોય છે !

આરપાર

રાઘવજી માધડ

તેઓ ઘડીભર સામે જોઈ ઉચાટ સાથે બોલ્યા:'આવું ક્યાં સુધી ચાલતું રહેશે !?' પછી પોતે જ નક્કી કરેલો જવાબ બોલ્યા:'મને લાગે છેકે,અંત નહીં આવે !લ્લઆ દહેશત ખોટી નથી.કારણ કે કોરોના અંગે પ્રસ્તુત થતા આંકડાની માયાજાળ ભલભલાને ગોથું ખવરાવી દે તેવી છે.એક લીટીનું સત્ય,મહાભારતની કથા માફક રજુ થાય છે.ત્યારે સમજવું મુશ્કેલ પડે છે.અસત્યના ફકરા લખવા પડે,સત્યતો ટૂંકું ને ટચ જ હોય !

પણ જે છે તે આ છે.તેમાં દુઃખી થવું,રોદણાં રોવાં કે ફરિયાદ કરવી..! આ સ્થિતિમાં જીવવાનું અને તેના સામે સાવચેતી સાથે જીતવાનું છે.કોઈ કહે છે:બહાર ન નીકળવા સાથે ખાવું,ફરવું,પહેરવું...બધું જ છૂટી,વછૂટી ગયું છે ! જિંદગી આગળ વધવાના બદલે સ્થિર ને બધિર થઈ ગઈ છે.બધું જ અસ્તવ્યસ્ત થઈ ગયું છે.ઉભી કરેલી દુનિયા છિન્નભિન્ન થઈ છે.પણ આ બધા વચ્ચે આપણે જીવીએ છીએ તે સૌથી મોટું સત્ય છે.કારણ કે આપણા ઘણાં સ્વજનો,કોરાનાના ખપ્પર હોમાઈ ગયા છે.અને મોતનો મલાજો રાખનારા આપણે ડરના માર્યા છેલ્લે તેઓનું મોં જોવા પણ જોઈ શક્યા નથી ! આ પણ નર્યું કે ઉઘાડું સત્ય છે.

એક વાતતો નક્કી થઈ ગઈ, કોરોના આગળ વિજ્ઞાનની હરણફાળ પણ હાલ પાણી ભરે છે !

આ મહામારીના લીધે અનેક સમસ્યાનો સામનો કરી રહ્યા છીએ તેની ના નહીં.પણ જગત આપણી ઈચ્છા,અપેક્ષા પ્રમાણે નહીં ચાલે.રહેવું હશેતો સાંપ્રત સ્થિતિ સ્વીકારવી પડશે.કોઈને નવો ચીલો પાડવાની છૂટ...પણ પછી જે પરિણામ આવે તે સ્વીકારી લેવું પડે.આ મહામારીની કોઈ સામે રાવ-ફરિયાદ કરવાથી ઉકેલ આવવાનો નથી. આ સમયે,પહાડમાંથી પ્રગટેલું ઝરણું અનેક અડચણો વચ્ચે પણ કલકલ નાદે વહેતું હોય છે... એવી રીતે જીવવાનું શીખે કે સ્વીકારે તે જંગ અને જગત જીત્યો ગણાય !

આજે આર્થિક વ્યવહાર અટવાઈ ગયો છે.લોકોનો તાલ તૂટી ગયો છે.ધંધા-રોજગાર ખોરવાઈ ગયા છે.આવક છૂટી ગઈ છે.જૂના કામે કોઈ બોલાવતું નથી અને નવા કામમાં ડર લાગે છે.બે છેડા ભેગાં કરવાની મહામથામણ ચાલી રહી છે. અરે...ન્યુઝ મુજબ કોઈ શિક્ષકે શાકભાજીની લારી ફેરવવાનું શરુ કર્યું છે...હા, પેટીયું રળવામાં વળી લાજ-શરમ શેની !?પણ આવક ઘટે ત્યારે જરૂરિયાતને પણ સમજપૂર્વક ઓછી કરવી પડે.એક સમયે પત્ર પછી લેન્ડલાઈન ફોનથી ચાલતું હતું ત્યાં,વ્યક્તિદીઠ મોબાઈલને તેમાં બે સીમકાર્ડ...ને ઈન્ટરનેટ વગરતો રઘવાયા થઈ જવાય..અરે વાહનોએ ઘર આગળ પાર્કિંગના પ્રશ્નો પણ ઊભા કર્યા છે !

આપણે ત્યાં કહેવત છે,પોદળો પડેતો પાંચ કાંકરા લેતો જાય..આ કોરોના જાશે પણ ઘણી સારી-ખરાબ અસર છોડતો જાશે.માનવીય મૂલ્યો,સંબંધો,રીત-રસમ,રોજિંદા વ્યવહારમાં ધાર્યા,અણધાર્યા ઘણાં બદલાવ આવશે.આપણા માનવામાં નહીં એવા નઘરોળ તથ્યો ને સત્યો લેણદાર માફક સામે આવીને ઊભા રહેશે.ખરાબ સમય નીકળી જાશે પણ ઘણાં સારા લોકોનાં સાચા ચહેરા બતાવતો જાશે...આ સત્યને સ્વીકાર વાની પણ માનસિક તૈયારી રાખવી પડશે.

આપણે સમય, સંજોગો, સ્થિતિ પ્રમાણે જીવતા શીખવું પડશે. જીવનરીતિને બદલવી પડશે.બેફામ બનતી જરૂરિયાતને લગામ રાખવી પડશે. ખરું પૂછો તો માણસ ભૌતિકતા લીધે આજે યંત્ર જેવો થતો જાય છેને યંત્ર માણસ જેવો...જૂનું સરનામું જડતું નથીને નવું સરનામું મળતું નથી.જે છે તેને સ્વીકારી, સમજપૂર્વક સામનો કરી જીવતા શીખવું પડશે, જે બેસ્ટને શ્રેષ્ઠ ઉપાય છે. અન્યથા દુઃખ ઉધાર લેવા જવું નહીં પડે !

છેલ્લે :

આ આફત એ પાર્ટ ઓફ લાઈફ છે પણ આફતને અવસરમાં બદલાવી તે આર્ટ ઓફ લાઈફ છે !

પ્રકૃતિના પ્રાંગણમાં પશુ પક્ષીને પ્રેમપૂર્વક સમર્પિત : ડૉ. મનોજ જોશી

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

નવી નવી શોધો, ગગનચૂમ્બી ઈમારતો અને ભૌતિક વિકાસના રાજમાર્ગ પર પૂરપાટ દોડતા આ નવા યુગનો બહિષ્કાર કે અસ્વીકાર કોઈ વ્યક્તિ કરે તો આપણે એને સતરમી સદીમાં જીવતો માણસ કહીશું. કેમ કે આજે આ નવા યુગની બધી જ ભૌતિક સુખ સગવડો શોધો અને સંકલ્પનાઓ સમાજના તમામ સ્તરના માનવીઓએ અને સંતોએ પણ સહર્ષ સ્વીકારી છે. ત્યારે રાજકોટના એક કલાકાર કમ પ્રોફેસર આવી બધી સુવિધાઓનો બહિષ્કાર કરીને શહેરથી દૂર એકલો જીવે છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગુજરાતી વિષયમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. મનોજ જોશીને આમ તો હું છેલ્લા પાત્રીસેક વર્ષથી ખુબ જ નજીકથી ઓળખું છું. તેની બધી જ ટેવો-કૂટેવો, આવડત-અણઆવડતથી હું સારી રીતે માહિતગાર છું. આ મજો આજના સંસાર માટે ઓફબીટ વ્યક્તિ છે. સીધીસાદી ઓળખમાં જોઈએ તો વ્યવસાયે ગુજરાતીના પ્રોફેસર, વોઈસ ઓફ રફી તરીકે ખુબ જ પ્રસિદ્ધ, શરીરનો બાંધો ભલે ગોળમટોળ હોય પણ ગળામાંથી નીકળતા સૂર અને લયનો બાંધો એકદમ મૃદુ અને કોમળ છે. એને આંખો બંધ કરીને સાંભળીએ તો સાક્ષાત મહમદ રફી ગાતા હોય એવો અનુભવ થયા વિના ના રહે. આ કલાકાર કવિ, લેખક, સંશોધક અને વિવેચક તરીકે પણ પોતાનું પ્રદાન કરી ચૂક્યા છે. પરંતુ તેમનું સાચું ઊંડાણ તો સંગીતમાં જ. એકેડેમિક પરિચયમાં તો આખો લેખ લખી શકાય એટલી વિગતો એમના નામે બોલે છે. પરંતુ અહીં મારે આ મિત્રની આંતરિક ઓળખ આપવી છે.

આજની ભૌતિક દુનિયામાં લોકોને મોંઘી મોંઘી કાર લેવાનો, મોટા બંગલામાં રહીને પોતાનો વૈભવ બતાવવાનો શોખ હોય છે. પરંતુ આ મજોને ચકલીઓ, પક્ષીઓ, ગાય, કુતરાઓ પાળવાનો (અને પાલવાનો) તથા પ્રકૃતિ વચ્ચે રહેવાનો શોખ છે. આ કારણે તેણે રાજકોટથી વીસેક કિલો મીટર દૂર એક સાવ નાના ગામ વાગુદળના ખેતરોમાં ૩૦૦ વારનો પ્લોટ ખરીદીને પોતાનું મકાન બનાવ્યું છે. અહીં આજુબાજુમાં ત્રણ ચાર કિલો મીટર કોઈ પાકા કે કાચા મકાન નહીં કે માણસ નહીં, માત્ર દેખાય ખુલ્લો આળસ મરડીને ઉભેલો વનવગડો. અને શુદ્ધ હવાને કારણે આખા ઘરમાં પંખાની સહેજેય જરૂર નહીં. આજકાલ શહેરી ઘરોમાં ફળીયા ભૂલાતા જાય છે. ત્યારે આ મજોના આ ''મઢૂલી'' ઘરમાં ફળિયું, વૃક્ષો અને હીંચકો પણ છે. વળી ઘરની બહારની ખુલ્લી જગ્યામાં બન્ને તરફ ઘટાઘૂમ વૃક્ષોના છાંયા વચ્ચેનો રસ્તો ધોમધખતા તડકે પણ ઠંડક આપે છે. વળી આખા ખેતરમાં એક માત્ર ઘર હોવાથી એકાંત પણ અહીં મઘમઘતું અને મહેકતું મળે છે.

આ મિત્ર મનોજ જોશી (મજો) ના જીવનમાં અનેક (માનસિક અને શારીરિક) જીવલેણ દૂર્ઘટનાઓ ઘટી હોવા છતાંય ઈશ્વર પ્રત્યેની એની શ્રદ્ધા ઓછી થઈ નથી. પણ આ શ્રદ્ધા કે ભક્તિનું સ્વરૂપ સામાન્યજન જેવું નથી. કે મંદિરોમાં રોજ દર્શન કરવા જવું કે ઘરમાં રોજ કલાકેક પૂજા પાઠ કરવા કે તીર્થયાત્રાએ જવું. પણ આ મજો મિત્ર રોજ સવારે કબૂતરોને ચણ નાખવી, કુતરાઓને બિસ્કીટ ને રોટલા નાખવા ને તળાવમાં માછલીઓને લોટ નાખવો, ચકલીઓને ચણ નાખવું - આવી જીવદયાને - છેલ્લા વીસેક વર્ષથી પોતાનો નિત્યક્રમ બનાવી જીવે છે. આ જીવદયા પ્રેમને કારણે શહેરથી દૂર જગ્યા લઈને મકાન બનાવી આ પ્રવૃતિને વેગ આપ્યો છે. ઘરના પ્રાંગણમાં ચકલીઓ માટેની ચણની બોટલો એક નિશ્ચિત જગ્યાએ ટીંગાડીને રાખે છે જેમાં ચકલીઓ રોજ ચણવા આવે છે. એક બોટલમાં એક સાથે ચાર પાંચ ચકલીઓ ચણી શકે છે આવી અનેક બોટલો પોતાના આ વનવગડાના ઘરની આસપાસ બાંધીને રાખે છે અને રોજ સવાર સાંજ એમાં ચણ પુરે છે. આ નવા બનેલા મકાનના એકતરફના ભાગમાં ચકલીઓ માટે રહેવાના લાકડાના ખાસ વીસેક જેટલા નાના નાના ઘર બનાવીને ઘરની બહાર ઉપર મૂક્યા છે અને એની ફરતે લોખંડની ગ્રીલ બનાવી છે જેથી બિલાડી આ માળામાં આવી ના શકે. આ લાકડાના ઘરમાં ચકલીઓએ માળા બનાવ્યા છે અને તેમાં ઈંડા પણ આપીને પોતાનો વંશવેલો આગળ વધારે છે. બહાર ફળિયામાં એક તૂટી ગયેલા ઝાડને કલર કરીને ફરીથી જમીનમાં રોપીને એમાં ચકલીના ચણ માટેના બાટલા અને માળા લગાવ્યા છે. તો વળી ઘરના સામેના ભાગે પણ લાકડામાંથી કબૂતરોના ઘર બનાવી દીવાલ ઉપર ટીંગાડ્યા છે. અને બહાર સ્ટીલના સળીયાની બે મોટી ચોરસ ચોકીઓમાં છ તાસ બનાવવામાં આવ્યા છે જેમાં કબૂતરોને ચણ નાખવામાં આવે છે. આમાં રોજ સવાર સાંજ સોથી વધુ કબૂતરો ચણવા આવે છે.

આ : ''મઢૂલી''ની આજુબાજુ બીજા પ્લોટો પડેલા છે. અને બાકી ચારે તરફ ખેતર અને વાડીઓ છે. રાજકોટથી વીસેક કિલો મીટર દૂર હોવાથી અહીં સુધી હજી વિકાસ થતા બીજા દસેક વર્ષ વિતી જાય. એ દૃષ્ટિએ આ ઘરની પ્રાકૃતિક કિંમત ખુબ ઊંચી આંકી શકાય. એક ખેતરમાં પડેલા પ્લોટોને કારણે આ મકાન અને બીજા પ્લોટોની ફરતે નાની દીવાલ અને ગેઈટ બનાવાયો છે.

અહીં ચમત્કારિક ઘટના એ બનેલી કે અહીં બહારથી કોઈ ગાય મનોજના ઘર સુધી આવી પહોંચેલી. મનોજે આજુબાજુના ખેતરોમાં, ગામડાઓમાં બધાને પૂછાવ્યું. પણ આ ગાય કોઈની નહોતી. મનોજે એને ખુબ પ્રેમથી રાખી, ગાયનું નામ ગૌરી રાખ્યું, અને આ ગૌરીએ એક મંગળવારે વાછરડાને જન્મ આપ્યો. જેનું નામ પણ ''મંગળ'' રાખવામાં આવેલું. પરંતુ મંગળને જન્મ આપવાના દિવસે જ સાંજે ગૌરીનું અવસાન થયેલું. મનોજે આ ગાયના મૃત્યુની બધી જ શાસ્ત્રોક્ત વિધિ કરીને અંતિમ સંસ્કાર કરેલા. ત્યાર પછી પશુ ડોકટરની સલાહ મુજબ મંગળના ઉછેર માટે રૂ/- ૨૧ હજારમાં બીજી એક ગાય ખરીદી જેથી તેનું દુધ આ મંગળને મળી રહે, પરંતુ આ નવી ગાય ખુબ જ મારકણી હોવાથી એક દિવસ ખુદ મનોજને એને ખવડાવવા જતા શીંગડામાં ભરાવીને દૂરની દિવાલ ઉપર પછાડેલો જેને કારણે મનોજને માથામાં દસ ટાંકા આવેલા. પણ ચમત્કાર એ હતો કે દિવાલ સાથે જોરથી અથડાયા પછી માથામાં લોહીની ધાર થતી હોવા છતાંય મનોજને સહેજેય દુખાવો નહોતો થયો અને પોતે જાતે ઉભો થઈને છેક રાજકોટ ૨૦ કિલો મીટર દૂર હોસ્પિટલ જાતે ગાડી ચલાવીને ગયો અને માથામાં દસ ટાંકા લીધેલા. જો કે પછી આ ગાયને પાછી આપીને બીજી ગાય લીધેલી જેને આજે એક વાછડી પણ છે. અને મંગળ વાછરડાને ત્યાના જંગલી કુતરાઓએ ફાડી ખાધેલ. મકાનની બાજુમાં ગાય અને વાછડીને બાંધવા જુનવાણી મોટી ગમાણ પણ બનાવી છે. જેમાં વરસાદ, તડકો અને ઠંડીથી રક્ષણ મળે. બાજુમાં એક બંધ ઓરડી બનાવી છે જેમાં ૪૦/૪૦ કિલોની મોટી છ સાત પેટીઓ રાખી છે જેમાં ગાય અને પક્ષીઓ માટે ખોળ, કપાસિયા, ઘઉંનું ભૂસું, મકાઈનું ભૂસું, ચકલીના ચણ માટેની કાંગ, કબૂતર માટે નાના શિંગદાણા.. વગેરે ભરીને રાખ્યા છે. અને આ બધુ નિયમિત રીતે ગાય, ચકલી, કબૂતરોને પ્રેમથી પીરસાય છે. આ સેવાકીય પ્રવૃતિ માટે મનોજ કોઈની પાસેથી એક પણ રૂપિયાનું દાન લેતો નથી. બધો ખર્ચ જાતે જ ઉઠાવે છે. આ પશુ પક્ષીઓ જાણે પોતાના સંતાનો હોય એમ કાળજી રાખીને સૌની સાથે મનોજ આ વનવગડામાં એકલો રહે છે.

આ કલાકાર મિત્રની ખાસિયત એ છે કે ૨૧મી સદી હોવા છતાંય પોતે હજી સુધી વૉટ્સપ, ફેસબૂક, ઈમેલ, યુ ટ્યુબ, ટ્વીટર, ઈન્સ્ટાગ્રામ, ગુગલ, કોઈપણ પ્રકારનું ઈન્ટરનેટ વાપરતો નથી. તેનું કહેવું છે કે '' આ બધી માયાજાળ છે. જે આપણા આત્માને મારી નાખે છે. આપણે ધારીએ તો આ બધા વિના જીવી શકીએ છીએ. ''આ મિત્ર ફૂલછાબમાં બે ત્રણ કૉલમ લખતો હોવા છતાંય બધુ હાથે લખીને ૨૦ કિલો મીટર શહેરમાં પ્રેસ ઉપર જઈને પોતાનો લેખ પહોંચાડે છે. જીવનની પ્રૌઢાવસ્થામાં પહોંચેલા આ મિત્રએ જીવનમાં ખુબ જ આઘાતો સહન કરેલા છે. વિશ્વાસઘાત સહન કર્યા છે. છતાંય તૂટ્યા વિના આજે આ આઘાતના દુઃખને જીવદયામાં ડાયવર્ડ કરીને જીવે છે. ઘણાબધા મિત્રો સમજાવે છે કે આ વનવગડામાં ના રહેવાય પણ મનોજને મન આ વનવગડો સ્વર્ગ છે. અહીં શુદ્ધ હવા છે. ૨૪ કલાક પાણી છે. વૃક્ષો છે. ખુલ્લું આકાશ છે. ધૂળ છે. ચકલી, કબૂતર, ગાય છે. અને સૌથી મોટું સુખ અહી શાંતિમય એકાંતના ગૂંજતા સૂર છે.

સંપર્ક - મનોજ જોશી - ૯૪૨૬૨ ૪૨૧૧૫
9426060601.india@gmail.com

'ફેન્ટસી સ્પોર્ટ્સ પ્લેટફોર્મ્સ' : આદત ના પડે એ જોજો!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

'ઈસ ખેલ મે વિત્તિય જોખીમ કે તત્વ હૈ ઔર ઈસકી આદત પડ શકતી હૈ. કૃપિયા જિમ્મેદારીસે ઔર અપને જોખીમ પર ખેલે '....આઈપીએલ મેચની બે ઓવર વચ્ચે આવતી જાહેરાતોમાં સૌથી વધુ જાહેરાત જેની આવે છે તે ડ્રીમ૧૧ ની દરેક જાહેરાતોમાં આ કાનૂની ચેતવણી સ્પષ્ટ સંભળાય એમ બોલાય છે. જો કે આ બે લાઈન તો લગભગ બધી જ ફેન્ટસી સ્પોર્ટ્સ પ્લેટફોર્મની જાહેરાતોમાં આવતી લાંબી ડિસ્ક્લેમરનો એક ભાગ જ છે. પણ હકીકત એ છે કે મોટાભાગના જુગારની જેમ આને પણ રસિયાઓ નજરઅંદાજ કરે જ છે. મજાની વાત એ છે કે ડ્રીમ૧૧ ની આ જાહેરાત ચોખ્ખું કહે છે કે '... આદત પડ શકતી હૈ...' અને ઓનલાઈન સ્પોર્ટ્સ ગેમિંગ કે જેને સુધરેલી ભાષામાં ફેન્ટસી સ્પોર્ટ્સ કહે છે તે ડ્રીમ૧૧ પોતાના આક્રમક પ્રચાર અને સ્ટાર ખેલાડીઓના મોડેલિંગને લીધે ઓલરેડી આદત પાડતી જાય છે....અરે પાડતી જાય છે શું પણ ઓલમોસ્ટ મોટાભાગના ક્રિકેટ રસિકોમાં આ આદત પાડી ચૂકી છે અને આ પ્રક્રિયામાં ખાલી ડ્રીમ૧૧ નહીં પણ ઘણી બધી આવી એપ્સ સામેલ છે.

અને આદત શુકામ ના પાડે ? એક તો ડ્રીમ૧૧ ઓલરેડી આઈપીએલની વિવોની સાથે ઓફિસિયલ પાર્ટનર છે,હવે સ્વાભાવિક છે કે આઈપીએલ પોતે જ એક ફેન્ટસી સ્પોર્ટ્સ છે એવામાં ડ્રીમ૧૧ એનો ફાયદો ના ઉઠાવે તો જ નવાઈ ??? ડ્રીમ ૧૧ ના ભવિત શેઠ અને હર્ષ જૈને ૨૦૦૮માં આઈપીએલની શરૂઆત સાથે જ ડ્રીમ૧૧ લોન્ચ કરી દીધેલું પણ આઈપીએલનું પાર્ટનર થતાં આટલા વર્ષો લાગી ગયા અને સ્વાભાવિક છે કે આ વખતે એને લીધે જ ડ્રીમ૧૧ લોકોની નજરે વધુ ચડી ગયું છે. ફેન્ટસી સ્પોર્ટ્સ પ્લેટફોર્મ કે એપ વિષે વધુ વાતો કરતાં પહેલા એ જાણી લો કે આ ફેન્ટસી સ્પોર્ટવા હે ક્યાં ? ફેન્ટસી સ્પોર્ટ્સમાં યુઝર્સ એપ કે વેબસાઈટ પર જઈને પોતાને ગમતી ટીમ બનાવે છે અને ત્યાં હાજર કૉંટેસ્ટમાં ભાગ લઈને પોઈન્ટ બનાવે છે અને પોઈન્ટને આધારે રૂપિયા કમાય છે. ભારતમાં લગભગ ૧૪૦ જેટલા આવા ફેન્ટસી પ્લેટફોર્મ મોજૂદ છે જેમાં ઘણા ફ્રી માં રમવા દે છે અને ઘણામાં રમવા પૈસા આપવા પડે છે. જો કે લગભગ બધા પ્લેટફોર્મમાં બન્ને સવલતો ઉપલબ્ધ હોય છે. ફેન્ટસી સ્પોર્ટ્સ પ્લેટફોર્મની ચડતી કળાની સાબિતી એના પરથી મળશે કે ૨૦૧૬ માં આના માત્ર ૨૦ લાખ યુઝર્સ જ હતા એની જગ્યાએ અત્યારે એકલા ઈંડિયામાં જ ૨૦ કરોડથી વધુ યુઝર્સ છે. આમાં ૨૦૨૦ અને હવે આઈપીએલને હિસાબે ૨૦૨૧ ના શરૂઆતી આંકડા ઉમેરો તો યુઝર્સની સંખ્યા વિશાળ થઈ ચૂકી છે. ફેન્ટસી સ્પોર્ટ્સમાં ખાલી ક્રિકેટ નહી પણ ફૂટબોલ, ટેનિસ જેવી ઘણી રમતો સામેલ છે પણ ક્રિકેટ એમાં મોખરે છે અને એમાં પણ ભારત અવ્વલ. કારણ કે જગતમાં લગભગ ૧૦૦ કરોડ જેટલા ક્રિકેટ ફેંસ છે અને એમાના લગભગ ૯૦% ભારતીય ઉપખંડમાં છે એટ્લે સમજી શકાય કે ક્રિકેટપ્રેમીઓને લીધે આવા ફેન્ટસી પ્લેટફોર્મની લોકપ્રિયતા ભારતમાં દિન દુની રાત ચોગુની વધી રહી છે. અસલમા ભારતમાં આની શરૂઆત ૨૦૦૧માં ઈએસપીએન અને સ્ટાર સ્પોર્ટસે ભેગા મળીને 'સુપર સિલેક્ટર ' નામથી કરેલી જો કે કોઈ કારણોસર ૨૦૦૩માં બંધ કરવી પડી.

ડ્રીમ ૧૧ સિવાય આ ક્ષેત્રની બીજી ખેરખા છે 'માય ૧૧ સર્કલ '. બીજી એપ્સથી વિપરીત આ માત્ર ક્રિકેટ અને ફૂટબોલ જ રમાડે છે અને યુઝર્સને છ ટિમ બનાવવાની અને બીજા ઘણા ફેરફારો કરવાની છૂટ આપે છે. સૌરવ ગાંગુલી , રશિદ ખાન, વોટસન જેવા ખેલાડીઓ દ્વારા પ્રમોટેડ માય ૧૧ સર્કલ અત્યારે સૌથી ફાસ્ટેસ્ટ પ્રગતિ કરતી એપ છે. આવી જ એક બીજી લોકપ્રિય એપ છે ' માય ટીમ ૧૧ '. ૨૦૧૬માં લોન્ચ થયેલી આ એ